# India strongly condemns the terrorist attack on Sayed al-Shuhada Girls school in Kabul

May 09, 2021

---

# કાબૂલમાં સયેદ અલ-શુહાદા ગર્લ્સ સ્કૂલ પર ત્રાસવાદી હુમલાની ભારત દ્વારા આકરી ટીકા

મે 09, 2021

ગઈ કાલે કાબૂલમાં સયેદ અલ-શુહાદા ગર્લ્સ સ્કૂલ પર થયેલા ત્રાસવાદી હુમલાની અમે આકરી ટીકા કરીએ છીએ, જેમાં રમઝાનના પવિત્ર મહિના દરમિયાન 50થી વધારે નિર્દોષ વિદ્યાર્થીનીઓના મોત નિપજ્યાં હતાં. અમે આ ઘાતકી હુમલામાં જીવ ગુમાવનારી નાની બાળકીઓના પરિવારજનો અને મિત્રોની પડખે છીએ અને તેમના માટે પ્રાર્થના કરીએ છીએ.

નાની વયની વિદ્યાર્થીનીઓને નિશાન બનાવવા એ અફઘાનિસ્તાનના ભવિષ્ય પરનો હુમલો છે. છેલ્લા બે દાયકામાં અફઘાનોએ ભારે મહેનત કરીને જે પ્રાપ્ત કર્યું હતું તેને હુમલાખોરો ખતમ કરી નાખવા માંગે છે.

આ ઘટનાએ ફરી એક વખત સાબિત કરી દીધું છે કે ત્રાસવાદને શરણ આપનારાઓને ખતમ કરવા જરૂરી છે અને શાંતિ પ્રક્રિયાને વધારે અર્થપૂર્ણ અને ટકાઉ બનાવવા માટે એક સંપૂર્ણ રાષ્ટ્રવ્યાપી યુદ્ધવિરામની તાત્કાલિક ઘોષણા કરવી જોઈએ.

ભારત હંમેશાથી અફઘાન યુવાનોના શિક્ષણને સમર્થન આપતું આવ્યું છે અને અફઘાનિસ્તાનની પ્રગતિ અને વિકાસ માટે ભારત પ્રતિબદ્ધ છે.

**નવી દિલ્હી**
**મે 09, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.